ગાંધીનગર સમાચાર
તા. ૧૪-૫-૨૦૧૩, મંગળવાર

તંત્રી સ્થાનેથી.....

અનેકવિધ આશાઓ બંધાવતી ઘટના: નવાઝ શરીફનું પુનરાગમન

પાડોશી રાષ્ટ્રમાં લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકાર પાંચ વર્ષ સત્તા ભોગવ્યા પછી બીજી લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકાર આવે એવું પહેલીવાર બની રહ્યું છે. પાકિસ્તાન પીપલ્સ પાર્ટી પાસેથી સત્તાનો દોર પાકિસ્તાન મુસ્લિમ લીગ (નવાઝ) પાસે સરકી ગયો છે. સૈન્ય ખામોશ રહ્યું છે. મુશર્રફ એમના ફાર્મ હાઉસમાં નજરકેદ છે અને ન્યાયપાલિકા એના આદેશાનુસાર ચૂંટણીનું અઘરું લાગતું કામ પાર પડાવી શકી છે. પાકિસ્તાન જેવા કટ્ટરપંથી અને તાલેબાની તત્વોના ગઢ ગણાતા મુલકમાં સત્તાનું લોકશાહીકરણ એ પોતે જ આશ્ચર્યકારક ઘટના છે. ભારતીય ઉપખંડ માટે આ એક આશીર્વાદરૂપ બાબત છે. નવાઝ શરીફ પાકિસ્તાનના લોકપ્રિય નેતા છે, પરંતુ એમને આકરી કસોટીમાંથી પાર ઊતરવું પડ્યું છે. પંજાબ પ્રાંતના આ ખાનદાન નબીરાએ ઝુલ્ફીકાર અલી ભુટ્ટો દ્વારા થયેલ અન્યાય સામે માથું ઊંચકી મુસ્લિમ લીગના કાર્યકર્તા તરીકે કારકિર્દી શરૂ કરી તે પછી એમણે સતત સંઘર્ષરત રહી પંજાબ પ્રાંત પર એમની પકડ જમાવી રાખી છે. પંજાબના મુખ્યમંત્રી ઉપરાંત પાકિસ્તાનના બે વાર વડાપ્રધાન બની શકેલા આ નેતાને જનરલ મુશર્રફ નો ખોફ વહોરી કેટલાંક વર્ષો સુધી સાઉદી અરેબિયામાં સપરિવાર દેશવટો ભોગવવો પડ્યો હતો. વડાપ્રધાન વાજપેયી સાથે મીઠા સંબંધો કેળવી નવાઝ શરીફે ભારત સાથેના રાજદ્વારી સંબંધો સુધારવાની પહેલ કરી હતી પણ પાક આર્મી અને 'આઈએસઆઈ'એ એમની મુરાદ બર આવવા દીધી નહોતી. અમૃતસરથી બસમાં બેસી લાહોર પહોંચેલા તત્કાલીન વડાપ્રધાન વાજપેયીના કાર્યકાળની સુભગ ઘટનાનો અંત કારગીલની કરુણાંતિકામાં પરિણમ્યો હતો. જો કે એમાં નવાઝ શરીફ નો હાથ નહોતો. લુચ્ચા શિયાળ જેવા પાકિસ્તાન આર્મીના વડા મહત્વાકાંક્ષી મિયાં મુશર્રફે વાજપેયી-શરીફ મૈત્રીના ગોળામાં ઝેર ઘોળીને બે પાડોશી રાષ્ટ્રો વચ્ચે વણનોતર્યા સંગ્રામને અંજામ આપી નજીક આવવા માગતી પ્રજાઓ વચ્ચે પણ ક્યારેય ન પુરાઈ શકે એવડી ખાઈ ઊભી કરી દીધી હતી. કારગીલ યુદ્ધમાં ભારે ખુવારી પછી ભારતીય સેનાએ વિજય પ્રાપ્ત કર્યો હતો. નવાઝ શરીફ નું રાજકારણ બબ્બે વાર આર્મીની દખલગીરીથી ખોરવાયું હોવા છતાં પ્રજામાં એમના તરફ નો આદરભાવ જળવાઈ રહ્યો તે એમની મુત્સદ્દીગીરીનું પ્રત્યક્ષ પ્રમાણ છે. પાંચ વર્ષ અગાઉ ચાલુ ચૂંટણીએ બેનઝીર ભુટ્ટોની હત્યાં થતાં પાકિસ્તાન પીપલ્સ પાર્ટીને સહાનુભૂતિના મોજાનો લાભ મળ્યો હતો. પરંતુ ઝરદારી વિશેની સ્થાપિત છાપ (મિ. ટેન પરસેન્ટ) અને ન્યાયપાલિકાની કડકાઈભરી નીતિથી એમના પક્ષની છબી વધુને વધુ વણસતી ગઈ, પરિણામે આ વખતની ચૂંટણીમાં એ ત્રીજા નંબરે ધકેલાઈ જવા પામેલ છે. પૂર્વ ક્રિકેટર ઈમરાનખાનને યુવાનોના ટેકાની આશા હતી, પરંતુ યુવા હૃદય સ્વામીની નવાઝ-પુત્રી મરિયમનાં કામણ અને અઢળક નાણાંની રેલંછેલ સામે એમનો પનો ટૂંકો પડયો છે. દેવાળિયા મુલકના માલેતુજાર વડાપ્રધાન તરીકે નવાઝ શરીફની ત્રીજી ઈનિંગ માટે દુનિયા આખી શુભેચ્છા પાઠવશે. વિશેષ પણે અમેરિકા અને ભારતને અન્ય કોઈ નેતાની સરખામણીમાં આ ઉદારવાદી પંજાબી નેતાનું શાસન વધારે અનુકૂળ લાગશે. એમણે પોતે પણ સત્તાનાં સૂત્રો ગ્રહણ કરતાં પહેલાં જ ભારત સાથે મીઠાં સંબંધો રાખવાની અને તમામ પ્રશ્નો દ્વિપક્ષી ધોરણે હલ કરવાની વાત કરી છે. પરંતુ શું લશ્કર એમને શાંતિથી રાજ કરવા દેશે? ૧૯૯૦માં પહેલીવાર વડાપ્રધાન બન્યા પછી એમને ૧૯૯૩માં સત્તા છોડવી પડેલી. ૧૯૯૭માં બીજીવાર સત્તાધીશ બન્યા પછી ૧૯૯૯માં મુશર્રફે એમને ઉખાડી ફેંક્યા હતા. આવી રાજકીય કુસ્તી તો પાકિસ્તાનને સદી ગઈ છે. છતાં, આટલા અનુભવો પછી અને દેશનું અર્થતંત્ર ખાડે ગયું છે તથા દેશને આતંકવાદીઓનું ઉત્પત્તિસ્થાન જેવું બિહામણું બિરુદ પ્રાપ્ત થઈ ચૂક્યું છે તેવા સંજોગોમાં નવાઝ શરીફને પ્રજાના પ્રતિનિધિ તરીકે સ્વીકારી લશ્કર એની મર્યાદામાં રહેશે, તો ભારતીય ઉપખંડ માટે નવાઝ શરીફ નું પુનરાગમન જરૂર એક સુખદ પ્રકરણ સાબિત થઈ શકશે. નવાઝ શરીફ પાકિસ્તાનમાં લોકશાહીને મજબૂત કરે અને કાશ્મીર સહિતના વિવાદોમાં ભારતીય દૃષ્ટિકોણને સમજી આતંકવાદ પર નિયંત્રણ મેળવે એવી શુભેચ્છાઓ વડાપ્રધાનથી માંડી ઓમર અબ્દુલ્લા સુધીને નેતાઓએ વ્યક્ત કરી છે એમાં આપણે પણ સૂર પુરાવીએ. ખુદા ખૈર કરે!

પીએચડી સુધીના અભ્યાસક્રમનો સમાવેશ

૨૪૦ બેઠકોની સાથે સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ શરૂ થશે

મણિનગર ખાતે આઈઆઈટી આરએએમ શરૂ કરવામાં આવશે : વિદ્યાર્થીઓને સમાવી લેવા માટેની તૈયારી શરૂ

અમદાવાદ, તા.૧૩

શૈક્ષણીક વર્ષ ૨૦૧૩-૧૪થી અમદાવાદ શહેરના મણિનગર ખાતે વિશ્વસ્તરની અને યુનિવર્સિટીનો દરજ્જો ધરાવતી સંસ્થા ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટ્રેનિંગ, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ (આઈઆઈટી આરએએમ) શરૂ કરવામાં આવનાર છે. જેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સ્નાતકથી પીએચડી સુધીના અભ્યાસક્રમોનો સમાવેશ કરવામાં આવનાર છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યુ હતુ.

શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ મણિનગર ખાતે વિશ્વસ્તરની અને યુનિવર્સિટીનો દરજ્જો ધરાવતી ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટ્રેનિંગ, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ સંસ્થા શરૂ કરવામાં આવનાર છે. જેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સ્નાતકથી પીએચડી સુધીના અભ્યાસક્રમોનો સમાવેશ કરવામાં આવનાર છે. જેમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪માંપ્રથમ તબક્કે સિવિલ ઈજનેરીની ૧૨૦ બેઠકો અને ઈલેક્ટ્રીકલ ઈજનેરીની ૧૨૦બેઠકો સાથે સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે.

આ ઉપરાંત વધુમાં શિક્ષણમંત્રીએ જણાવ્યું હતુ કે વર્ષ ૨૦૧૩-૧૪થી પ્રાયવેટ પાર્ટનરશીપ અંતર્ગત ટાટા કન્સલ્ટન્સી સર્વિસીઝની પાર્ટનરશીપના વડોદરા ખાતે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી સંસ્થાની શરૂઆત કરવા આવશે. જેમાં પ્રથમ તબક્કે કોમ્પ્યુટર સાયન્સની ૧૨૦ બેઠકો ને ઈન્ફોરમેશન ટેકનોલોજીની ૧૨૦ બેઠકો સાથે સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત રાજયના લાયકાત ધરાવતા તમામ વિદ્યાર્થીઓને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનાં ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ ફાળવવામાં આવશે.

એ ગ્રુપના વિદ્યાર્થીઓ માટે પ્રોફેશનલ અભ્યાસક્રમ

ઈજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ માટે જુદા ફોર્મ ભરવાના રહેશે

ઈજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ માટે કુલ ૨૧૧ કોલેજોની ૬૮૭૬૮ બેઠકો ઉપલબ્ધ : પ્રવેશની તૈયારી શરૂ કરાઈ

અમદાવાદ, તા.૧૩

ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે શિક્ષણમંત્રીએ રાજયમાં ઈજનેરીની ૬૩૧૧૩ અને ફાર્મસીની ૫૬૫૫ બેઠકો સહિત કુલ ૬૮૭૬૮ બેટકો ઉપલબ્ધ હોવાની જાહેરાત કરી હતી.

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થતાં જ એ ગ્રુપના વિદ્યાર્થીઓ માટે પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં પ્રવેશની કામગીરી એડમિશન કમિટી પોર પ્રોફેશનલ કોર્સીસ દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. જેમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓ ઓનલાઈન અરજી કરી શકશે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ માટે રાજયમાં ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમની ૧૬ સરકારી ઈજનેરી કોલેજોમાં ૮૯૭૦ બેટકો, ૩ અનુદાનિત ઈજનેરી કોલેજોમાં ૧૧૯૪ બેઠકો અને ૯૫ સ્વનિર્ભર કોલેજોમાં ૫૨૮૪૯ બેઠકો એમ કુલ મળી ૧૨૧ ઈજનેરી કોલેજોની ૬૩૧૧૩ બેઠક વિદ્યાર્થીઓને એડમિશન માટે ઉપલબ્ધ રહેશે.

જયારે ડિગ્રી ફાર્મસી અભ્યાસક્રમની એક સરાકરી ફાર્મસી કોલેજમાં ૧૦૦ બેઠકો, ૩ અનુદાનિત ફાર્મસી કોલેજમાં ૧૩૫ બેઠકો અને ૭૮ સ્વનિર્ભર ફાર્મસી કોલેજોમાં ૪૮૯૦ બેઠક એમ કુલ મળી ૮૨ કોલેજોમાં ૫૧૨૫ બેઠકો ઉપલબ્ધ છે તો ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રવેશ ફોર્મ ભરવા પડશે.

ડિપ્લોમાં ફાર્મસી કોલેજમાં ૫૩૦ બેટકો ઉપલબ્ધ છે. આમ રાજયની કુલ ૨૧૧ ઈજનેરી ફાર્મસી કોલેજોની કુલ ૬૮૭૬૮ બેઠકો ઉપર વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવા અરજી કરી શકશે. ઉલ્લેખનીય છે કે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ દ્વારા તાજેતરમાં પ્રવેશ નિયમોમાં કરેલા ફેરફાર મુજબ ઈજનેરી તેમજ ફાર્મસીના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રવેશ ફોર્મ ભરવા પડશે.

ધો-૧૨માં ગુજરાતી માધ્યમના સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ

અમદાવાદ, તા. ૧૩

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૩માં લેવાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના આજે જાહેર થયેલા ૯૨.૫૩ટકા વિક્રમજનક પરીણામમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યામાં ગુજરાતી માધ્યમના સૌથી વધુ છે.

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિક્રમજનક પરિણામમાં કુલ ૧૧૩૯૩૩ પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમાંથી ૧૦૫૪૧૮ વિદ્યાર્થીઓ પાસ થયા, જયારે ૮૫૧૫ વિદ્યાર્થીઓ જ નાપાસ જાહેર થયા છે. ધોરણ ૧૨ સાયન્સમાં નાપાસ થયેલા કુલ ૮૫૧૫ વિદ્યાર્થીઓમાંથી સૌથી વધુ ગુજરાતી માધ્યમના ૭૬૧૯ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જ્યારે અંગ્રેજી માધ્યમના ૫૩૯ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. હિન્દી માધ્યમના ૨૬૯, મરાઠી માધ્યમનાર૦ અને ઉર્દુ માધ્યમના ૮ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે.

આ ઉપરાંત ગુજરાતી માધ્યમના કુલ ૯૫૯૦૨ પરિક્ષાર્થીઓમાંથી ડી ગ્રેડ સૌથી વધુ ૬૯૬૫ વિદ્યાર્થીઓએ મેળવ્યા છે. સી-૨ ગ્રેડ મેળવનારની સંખ્યા ૩૦૧૧૨, સી-૧ ગ્રેડ મેળવનારની સંખ્યા ૨૭૬૭૦, બી-૨ ગ્રેડ મેળવનારની સંખ્યા ૧૪૬૭૭, બી-૧ ગ્રેડ મેળવનારની સંખ્યા ૬૭૯૪ તથા એ-૧ ગ્રેડ માત્ર ૫૭ વિદ્યાર્થીઓ તથા એ-૨ ગ્રેડ ૧૯૪૦ વિદ્યાર્થીઓએ મેળવ્યો છે.

ડૉ. મહેબુબ દેસાઈનું વિદ્યાનગરમાં વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૧૩

સરદાર પટેલ વિશ્વ વિદ્યાલય વલ્લભ વિદ્યાનગરનું એકેડમિક સ્ટાફ કોલેજ દ્વારા ૬ મે થી ૨ જૂન ૨૦૧૩ દરમ્યાન અધ્યાપકોના રીફ્રેશર કોર્સનું આયોજન કરવામાં આવેલ છે. આ રીફ્રેશર કોર્સમાં તા. ૧૪ મે ના રોજ ૯.૩૦ થી ૧૨.૪૫ દરમ્યાન ગુજરાત વિદ્યાપીઠના ઈતિહાસ અને સંસ્કૃત વિભાગના અધ્યક્ષ અને પ્રોફેસર ડૉ. મહેબુબ દેસાઈ રાષ્ટ્રીય એકતા ઉપર બે વ્યાખ્યાનો આપશે.

સોરી.. બેંક એકાઉન્ટ નંબર હોય તો મની ટ્રાન્સફર આપુ... ક્રેડીટ કાર્ડ જ યુઝ કરું છું...

આદર્શ નિવાસી કન્યા શાળામાં પ્રવેશ મેળવવા જોગ

ગાંધીનગર, તા. ૧૩

અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગરના નિયામકશ્રીની કચેરી દ્વારા સંચાલિત અનુસૂચિત જાતિની કન્યાઓ માટેની શાળામાં પ્રવેશ મેળવવા માંગતી ધોરણ-૯ અને ધોરણ-૧૦ની બહેનો માટે તા. ૩૦મી મે ૨૦૧૩ સુધી અરજીઓ મંગાવવામાં આવી છે.

આદર્શ નિવાસી શાળા, અ.જા.કન્યા, વલ્લભ વિદ્યાનગર, જિ. આણંદના આચાર્ય બી.એસ. પંડ્યાના જણાવ્યાનુસાર આ શાળામાં વિદ્યાર્થિનીઓની જગ્યા ખાલી હોવાથી પ્રવેશવાંચ્છુક વિદ્યાર્થિનીઓના વાલીઓએ આદર્શ નિવાસી શાળા, વલ્લભ વિદ્યાનગરનો સંપર્ક સાધવો. એમ આણંદ જિલ્લાના નયનાબેન શ્રીમાળીએ જણાવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું છે કે, પ્રવેશ પામેલી વિદ્યાર્થિનીઓને ગણવેશ, બૂટ-મોજા, આવાસ-નિવાસ, તેમજ સ્ટેશનરી વિના મૂલ્યે પૂરી પાડવામાં આવશે. જે વિદ્યાર્થિનીઓ પ્રવેશ મેળવવા ઈચ્છતી હોય તેઓએ ૩૦મી મે-૨૦૧૩ સુધીમાં આચાર્યશ્રી, આદર્શ નિવાસી શાળા, અ.જા. કન્યા, વલ્લભ વિદ્યાનગર, કૈલાસભાઈનો સંપર્ક કરવો. આ અંગેની વધુ વિગતો મો. નં. ૮૧૪૦૩-૩૫૬૩૯ પર સંપર્ક કરવાથી મળી શકશે.

તપોવન સંસ્કૃત પાઠશાળા સ્મૃતિ ગ્રંથનો વિમોચન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના અમિયાપુર મુકામે આવેલી તપોવન સંસ્કાર પીઠમાં તા. ૨૦મી મે-૨૦૧૩ના રોજ સાધુ-સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં તપોવન સંસ્કૃત પાઠશાળા સ્મૃતિગ્રંથના વિમોચનનો કાર્યક્રમ તપોવન અમિયાપુર, પો. સુઘડ, જિ. ગાંધીનગર ખાતે સવારે ૧૧ કલાકે યોજાશે.

તપોવન સંસ્કૃત પાઠશાળા સ્મૃતિગ્રંથ વિમોચન પ્રસંગે બાળકોના ખ્યારા ગુરુમાં પૂ.પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મ.સા.ની પ્રેરણાથી સ્થપાયેલ પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળામાં પ.પૂ. ગચ્છાધિપતિ શ્રી જયઘોષ સૂરીશ્વરજી મ.સા. અને આદિ સાધુ-સાધ્વીજી ભગવંતો ઉપસ્થિત રહેશે. ગ્રંથમાં ઐતિહાસિક રચનાઓ ઉપલબ્ધ છે. સમસ્ત જૈન સંઘો આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેશે એમ આયોજકો દ્વારા જણાવાયું છે.

સમાજ શિક્ષણ શિબિર ૧૫મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

અખિલ ગુજરાત વિકાસશીલ મહિલા સેવા સમાજ ગાંધીનગર અને જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સમાજ શિક્ષણ શિબિરનું તા. ૧૫મી મે ના બપોરે ત્રણ વાગે ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનમાં રાખેલ છે. મહિલા સેવા સમાજ ટ્રસ્ટની સને ૨૦૧૨-૧૩થી વાર્ષિક સાધારણ સભા પણ રાખવામાં આવેલ છે.

સમાજના નબળા વર્ગના સર્વાંગી વિકાસ માટે તેમજ સરકારશ્રીની અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓનો બહોળા પ્રમાણમાં લોકોને જાણકારી મળી રહે તે માટે શિબિર યોજવામાં આવેલ છે. મહિલા સેવા સમાજના પ્રમુખશ્રી ગોમતીબેન કનુભાઈ પરમાર તરફથી જણાવેલ છે.

સમારંભના અધ્યક્ષ પૂર્વમંત્રી શ્રી કાન્તીલાલ બી. સોલંકી અને મુખ્ય મહેમાન શ્રીમતી સવિતાબેન કોલસાવાળા રાષ્ટ્રપતિ એવોર્ડ મહિલા ઉદ્યોગભવન રહેશે.

ઢોલ વજદા... તુંબા વજદા.. યંગસ્ટર્સ નાચતા...!! ઊફ, તોબા તોબા કૈલાશ ખેર...!!

મૈં તો તેરે પ્યાર મેં દિવાના હો ગયા... કલ્ચરલ ફોરમનો હુકમના એક્કા જેવા કૈલાશ ખેરનાં જાદુઇ અવાજ સાથેનાં રોકીંગ પરફોર્મન્સમાં યુવાધન હિલોળે ચઢ્યું... રોક, પોપ, સૂફીનાં ગીત - સંગીતમાં બે કલાકમાં 'કૈલાશા' બેન્કનાં તાંડવમાં 'અલ્લાહ કે બંદે' મનમુકીને મસ્તીમાં ઝૂમ્યાં

કૈલાશ ખેર ગાંધીનગર આવે છે... એવી જાહેરાત મહિના અગાઉ થયેલી અને ત્યારથી જ ગાંધીનગરનાં યુવાનોનાં દિલોદિમાગ પર એમનું જ ગીત 'સાનુ એક પલ ચૈનના આવે સજણા કરે બીના'ની ધૂન સવાર હતી... કૈલાશ ખેરની રાહ જોનાર માટે જ જાણે કૈલાશ ખેર આવીને એમ કહેવાનો હોય કે, 'અલ્લાહ કે બંદે હંસ દે અલ્લાહ કે બંદે...'

ગાંધીનગર કલ્ચરલ ફોરમનો માસ્ટર સ્ટ્રોક એટલે ગ્રીષ્મોત્સવમાં કૈલાશ ખેરનો રૉકીંગ પરફોર્મન્સ... કૈલાશ ખેરના નામ પર કાર્યક્રમના કલાક અગાઉથી જ જગ્યા મેળવીને જનતા ગોઠવાઈ જાય એવો એમને ક્રેઝ... ૩૦૦થી વધુ હિન્દી ફિલ્મી ગીતો અને એવી વધુ ૧૬ વિવિધ ભાષાના થઈ એટલાં જ નોન ફિલ્મી ગીતો સાથે યુવાનોમાં વધુ પ્રસિદ્ધ થયેલાં જુદાઈ અવાજનાં માલિક કૈલાશ ખેરના 'કૈલાશા' બેન્કનાં સાજીંદાઓએ મેડોલીન અને વાયોલીન પર ધૂન સજાવી ધમાલની રાત્રનાં રોકીંગ પરફોર્મન્સ સાથે કૈલાશ ખેરની એન્ટ્રી 'જાણા જોગી દે નાલ, હંની મેં જાણા જોગી દે નાલ, રાંજા રાંજા કરદીની મૈં, આપે રાંઝા હોલી...' ગીત સાથે થઈ અને પબ્લિકે જબ્બરદસ્ત તાળીઓથી એને વધાવ્યો.

ગ્રીન ગાંધીનગરનાં ભક્તિમય વાતાવરણથી પ્રભાવીત કૈલાશે એક પ્રેમગીત લલકાર્યું. 'આઓજી, આઓજી, હો આયે મ્હારે ચતુર સુજાણ, લેગો પહેચાણ, કાહે ભરમઓજી, ઉઠે હૃદયમેં લહર, મૈં કરું શ્રીગાંરનો યે શરમાયે દર્પણ, સૈયા, સૈયા...' અત્યંત ભાવસભર રજૂઆત. કૈલાશ ખેર એક ગીત પૂર્ણ કરી ફરી એના સાજીંદાઓ તરફ વળતાં જે મસ્તીથી ચાલતો જાય એ પર તો સૌ શ્રોતાઓ આફિન પોકારી ગયા...

વેસ્ટર્ન ઈન્ડિયનનાં ફ્યુઝન જેવું ગીત, 'મૈં તો તેરે પ્યાર મેં દિવાના હો ગયાં, દિલરૂબા યે બતા ક્યા કરું તેરે સિવા, દસને લગીરે મુઝે ક્યોં તનહાઈયાં, હર પલમેં દેખું બસ તેરી પરછાઈયાં... મૈં તો તેરે પ્યારમેં દિવાના હો ગયાં..' કૈલાશના આ ગીતમાં સૌ કોઈ દિવાના થઈ ગયા.. કૈલાશ ખેરનું સુફી ગીત સંગીતમાં ખાસ્સું નામ છે અને એમનું અત્યંત પોપ્યુલર એવું 'રંગ દીની રંગ દીની, પિયા કે રંગ રંગદીની ઓઢણી, જૈસે ચાંદ કે સંગ ચાંદની, જૈસે રાગ કે સંગ રાગીણી, જૈસે ભરી બસતમેં મોરની, પિયા કે સંગત રંગદીની ઓઢણી' સંગીતનાં સુરતાલમાં વાદ્યોનાં સુંદર ઉપયોગથી આધ્યાત્મનાં માર્ગ સુધી લઈ જતું સુંદર સર્જન સૌને અત્યંત ગમી ગયું.

'પ્રિત કી લત મોહે ઐસી લાગી, હો ગઈ મૈં મતવારી, બલી બલી જાઉં મૈં અપને પીયા કો, કે મૈં જાઉં વારી વારી, મોહે સુધ બુધ ના રહી તન મનકી, યે તો જાને દૂનિયા સારી, બેબસ ઔર બેચાર ફિરું મેં હારી મેં દીલ હારી, તેરે નામ સે જી લું, તેરે નામ સે મર જાઉં, તે જાન કે સદકે મેં કુછ ઐસા કર જાઉં, તું ક્યા કર ડાલ મર ગઈ મૈં મીટ ગઈ મૈં હો ગોઇ મૈં તેરી દિવાની...' ગીતની સાથે જ કૈલાશ ખેર ખીલ્યો એટલા માટે કે શ્રોતાઓ આ ગીતનાં શબ્દે શબ્દો એની સાથે ગાતાં હતાં...

અજબ પ્રેમ કી ગજબ કહાનીનું 'કૈસે બતાઉં ક્યોં તુઝકો ચાહું, યારા બતાના પાયેં, દેખો જો બાકી આકે તુજે સમજાયે, તું જાનેનાં, મિલકે ભી હમના મિલે, મિલો કે હેં ફાંસલે, તુમસે ના જાને ક્યો...'કૈલાશે ગાઈને યુવાનોની નાડ પારખી એમને મોજ કરાવી દીધી અને એની પાછળ જ ગાંધીનગરની ચાર પાંચ બ્યુટીફુલ યુવતીઓને સ્ટેજ પર બોલાવી પંજાબી ગીત 'બનઠણ કે ગોરી કહાં ચલી, ભીતર ભીતર બોલે, જોગણી છલકે તેરી સુંદરતા ઝલકે' સાથે નચાવીને ગાંધીનગરાઓને ખુશખુશાલ કરી દીધાં...

'તેરે નાલ ઢોલ વજદાની તૂંબા વજદા' પંજાબી ગીતને જે મસ્તીથી ઉપાડ્યું કે લોકો સુના સુના નાચવા લાગ્યાં... તબલા - ડ્રમની જુગલબંદીમાં તાલનાં ટૂકડા ગાઈને જે રમઝટ બોલાવી કે આહ્ અને વાહ બોલ્યા વગર રહી જ ના શકાય... 'વૈસા ભી હોતા હૈ' ફિલ્મનાં ગીત 'અલ્લાહ કે બંદે હંસદે'થી પોતાની પહેચાન બનાવનાર કૈલાશ ખેરે ફિલ્મ 'સ્વદેશ'ના 'યું હી ચલા ચલ રાહી યું હી ચલા ચલ', મંગલ પાંડેની ટાઈટલ ગીત સાથે એ યુથઝોનમાં ફેમસ થઈ ગયો... જાહેરાતોથી એન્ટ્રી લીધેલાં કૈલાશ ખેરને એ. આર. રહેમાન, શંકર - અહેસાન લોય અને વિશાલ - શેખર સાથે ગાવું વધુ ગમે છે...

કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહાએ એમનું સ્વાગત કર્યું અને એમની એનર્જી અને સ્ટ્રગલમાંથી યુવાનો પ્રેરણા લે એવાં ઉદ્દેશ્યથી જ એમણે કૈલાશ ખેરનાં કાર્યક્રમનું આયોજન કર્યું એવો સંદેશો આપ્યો... ૧૮ ભાષા, પં. કુમાર ગંધર્વ જોડે શાસ્ત્રીય તાલીમ મેળવી ચુકેલા અને પહેલાં ગાયક તરીકે રીજેક્ટ થયેલાં કૈલાશ ખેરની સંઘર્ષગાથાની વાત સાથે એમણે, 'સાનુ એક પલ ચૈનના આવે સજણા તેરે બીના, સાડા કલીયાં જી નહીં લગણાં, સજના તેરે બીના' ગાઈ માહોલ જમાવી દીધો... સલામે ઇશ્કનું, 'યા રબવા દે દે કોઈ જાનભી અગર, દીલબર યે હોના કોઈ અસર, ધડકન ધડકન બીખરી રંજીશે, સાંસે સાંસે તુટી બંદિશે, કહીં તો હર લમ્હા, હોંઠો પે ફરીયાદ હે, કિસીકી દૂનિયા ચાહતમેં બદનામ હે, રબ્બા...' ડિવાઈન અનુભુતિ કરાવતી બંદીશ...

'ઉફ તોબા તોબા રે તેરી સુરત, માશાઆલ્લા રે તેરી સૂરત' જે ગીત ઉપાડ્યું કે યુવાનો ઝાલ્યાના રહે... ખાસ ફરમાઈશ પર રજુ કરેલો ગુજરાતી ગરબો 'હે રંગલો જામ્યો કાલિદડીને ઘાટ છોગાળા તારાં' ઉપાડ્યું પછી આપણાં ગુજરાતીઓ ઝાલ્યા રહે? કૈલાશ ખેરની સામે જઈ લેવાં મંડ્યા ગરબા... જોતજોતામાં માહોલ કલ્ચરલ ફોરમની નવરાત્રી જેવો થઈ ગયો...

હાથમાં ડમરૂં લઈને અચાનક શીવનાં તાંડવ જેવાં નૃત્ય સાથે કૈલાશ ખેર 'બગડ બમ બગડ બમ બમલહેરી, રામ ભજોજી, રામ ભજોજી શીવ કા વંદન કિયા કરો, અજી શીવ કા વંદન કીયા કરોજી, મેરી એક સુનો અંતર્યામી, મૈં તો દાસી જનમ જનમકી, બાલી ઉંમર સે ભક્તિ કરતી, તુમ્હે છોડ કહીંના જાઉં, રાત - દિવસ તેરે ચરણ દબાઉં, તુમ્હે જો છોડું મૈં મર જાઉં... બગડ બમ બમલહેરી' ગજબની રજૂઆત, અસ્ખલીત તાળીઓથી ગીતને શ્રોતાઓએ વધાવી લીધું...

૨૦૦૮ની સાલમાં આવેલું 'દસવીદાનીયા' ફિલ્મનું ગીત ખાસ મધર્સ ડેની યાદમાં ગવાયું, 'મા... મેરી મા... પ્યારી મા... મમ્મા... હાથોં કી લકીરે બદલ જાયેગી, ગમ કી યે ઝંઝીરે પીઘલ જાયેગી, હો ખુદા પે ભી અસર, તું દુઆઓંકા હે ઘર...મમ્મી... તું ગુસ્સા કરતી હે બડા અચ્છા લગતા હે, તું કાન પકડતી હે, બડી જોર સે લગતા હે, મેરી મા...' અદ્ભુત ગીત અને એનાં રચયીતા કૈલાશ ખેર પોતે જ, હેટ્સ ઑફ ફોર ધીસ મધર્સ ડે સોંગ...

'તુટા તુટા એક પરિંદા એસે તુટા કી ફી જુડાના પાયા, લુટા લુટા કિસને ઉસકો એસે લુટા કી ફીર ઉડના પાયા, ગીરતા હુઆ વો આસમાંસે આખર ગીરા જમીન પર ખ્વાબોં મેં ફીરભી બાદલ હી થે વોહ કહેતા રહા મગર, અલ્લાહ કે બંદે હંસ દે, અલ્લાહ કે બંદે...' અદ્ભુત આ આખીય સંગીત સફરમાં પરેશ કામત - ગિટાર, સમીર ચિપલોનકર કિ-બોર્ડ, કર્ટ પીટર - ડ્રમ્સ, પાર્કેશન - સંકેત, અબ્બાસ રોય - મેંડોલીન... સંગીત એવું રૂમાની કે બસ સાંભળ્યાં જ કરીએ... 'ચોક પુરાવો, માટી રંગાવો, આજ મોરે પિયા ઘર આયે, ઓરી સખી મંગલ ગાવોની, કોઇ કાજલ કા ટીકા લગાઓની, રંગો સે રંગ મીલેંગે, સખી મંગલ ગાવોની'.. સૂફીયાના ગીતમાં કોરસની કમાલથી વાતાવરણ મંગલમય બની ગયું.

કલ્ચરલ ફોરમના આમંત્રણ પાસ પર છપાયેલાં વાદળી રંગના ઘૂઘવતાં દરિયા વચ્ચેનું ગીત 'તું જો છુ લે પ્યાર સે આરામસે મર જાઉં, આજા ચંદા બાહોં મે, તુજ મેં